અપીલ અરજી નં.૨૦૯ તા.૫–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૩૦–૮–૧૦ ની અરજીથી આપના પત્ર ધ્વારા હકીકતો જણાવી છે તે બાબતે મિલ્કતદાર તરફથી કેટલુક માટી પુરાણ કરેલ છે, તે બાબતે કોઈ પોલીસ ફરીયાદ કે કોર્ટ કેસ થયો હોય તો તેની માહિતી, ન થયો હોય તો તેના કારણો આપના ધ્વારા કાયદેસર કાર્યવાહી કરી છે તો આજ સુધી કેટલુ દબાણ દુર કરાવેલ છે તેની માહિતી, ન થઈ હોય તો ખોટો જવાબ આપવાના કારણો, ડીપોઝીટ લેવામાં આવી છે. તે કયા કાયદાના આધારે તથા કેટલી ડીપોઝીટ કયા ખાતામાં જમા કરાવેલ છે તથા ગેરકાયદેથી તથા કામકાજોની ડિપોઝીટ અને આપને સત્તા છે તેની માહિતી આપવા બાબત. જુન જુલાઈ–૧૦ ની સંપૂર્ણ વિગતો તથા સા.ઈ. ઝોનના લાગત અધિકારી વિરુધ્ધ પગલા લીંધા હોય તો તેની વિગતો અને ન લીધા હોય તો તેના કારણોની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૫–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૦૯/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૩૦–૮–૧૦ ની અરજીથી આપનાપત્ર ધ્વારા હકીકનો જણાવી છે તે બાબતે મિલ્કતદાર તરફથી કેટલુક માટી પુરાણ કરેલ છે, તે બાબતે કોઈ પોલીસ ફરીયાદ કે કોર્ટ કેસ થયો હોય તો તેની માહિતી, ન થયો હોય તો તેના કારણો આપના ધ્વારા કાયદેસર કાર્યવાહી કરી છે તો આજ સુધી કેટલુ દબાણ દુર કરાવેલ છે તેની માહિતી, ન થઈ હોય તો ખોટો જવાબ આપવાના કારણો, ડીપોઝીટ લેવામાં આવી છે. તે કયા કાયદાના આધારે તથા કેટલી ડીપોઝીટ કયા ખાતામાં જમા કરાવેલ છે તથા ગેરકાયદેથી તથા કામકાજોની ડિપોઝીટ અને આપને સત્તા છે જુન જુલાઈ–૧૦ ની સંપૂર્ણ વિગતો તથા સા.ઈ. ઝોનના લાગત અધિકારી વિરુધ્ધ પગલા લીંધા હોય તો તેની વિગતો અને ન લીધા હોય તો તેના કારણોની માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૨૮ તા.૨૭–૯–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૮૯ તા.૧૧–૧૦–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૯૦૮ તા.૧–૧૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.ન.૧૮૦ તા.૩૧–૮–૧૦ થી જાહેર માહિતી અધિકારીને લીંબાયતઝોનને તબદીલ કર્યા અંગેની પત્રની નકલ, અરજદારને આ અગાઉ આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૫૭૪ તા.૨૬–૭–૧૦ ના પત્રની નકલ નોધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૨૮ તા.૨૭–૯–૧૦ ના પત્રની નકલ તથા અરજદારને પૂરક વિગતોમાં આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૯૦૭ તા.૧–૧૧–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૩૦–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી બાબતે તા.૩૦–૮–૧૦ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને સંબોધીને કરેલ અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/હકણ/આરટીઆઈ/૧૮૦ તા.૩૧–૮–૧૦ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન કક્ષાએથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૨૪૨૮ તા.૨૭–૯–૧૦ થી " અરજીમાં જણાવેલ સંલગ્ન મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા તરફથી કોઈ પોલીસ ફરીયાદ/કોર્ટ કેસ કરવામાં આવેલ નથી. વધુમાં જણાવવાનું કે સુરત મહાનગરપાલિકાના કાર્યક્ષેત્ર હેઠળની કરવાની થતી કામગીરી અન્વયે પ્રશ્નવાળી મિલ્કત કે જે ખાડી કિનારે સ્થિત છે. તેમાં ટીપીઓશ્રી ધ્વારા આપવામાં આવેલ અભિપ્રાયમાં ફાઈનલ પ્લોટના દર્શાવવામાં આવેલ ક્ષેત્રફળ/માપ વિસ્તારમાં ટીડીઓ/ડીપી નં.૧૪૯ તા.૨૬–૮–૧૦ થી બાંધકામની વિકાસ પરવાનગીની રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે. ધી બીપીએમસી એકટ ૧૯૪૯ ની કલમ–૨૫૪ માં વર્ણવ્યા પ્રમાણેનું કોઈ પણ કામ કાયદાની જોગવાઈઓ વિરુધ્ધ શરૂ કરવામાં આવેલ તો કલમ–૨૬૦(૨) મુજબ કાર્યવાહી અન્વયે તેનો ખર્ચ સદરહુ વ્યકિતએ આપવાનો રહે છે. જે સંદર્ભમાં વસુલ લેવામાં આવેલ ડીપોઝીટ મે. કમિ.શ્રી સુરત મહાનગરપાલિકાના ખાતામાં જમા લેવામાં આવેલ છે તેવી માહિતી ઝોનના શહેર વિકાસ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ પ્રમાણે આપવામાં આવેલ. અરજદાર તરફથી તેવા મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૫–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જેમાં

અરજદારે આ બાબતે બિલ્ડર તેમજ સામેલ અધિકારીઓ વિરુધ્ધ કોર્ટ કેસ પોલીસ કેસ ન કર્યાના કારણો ન જણાવ્યા હોવાથી તથા તેઓ ધ્વારા કાર્યવાહી હાથ ધરી છે તો આ જ સુધી દબાણ દુર કર્યાની માહિતી ન આપવાથી તથા વસુલ કરેલ ડીપોઝીટની રકમ અંગેની માહિતી ન મળવાથી અર્ધી અધૂરી માહિતી તેમજ શિક્ષાત્મક પગલા લેવાની રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ અપીલ દરમ્યાન તેમના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૯૦૭ તા.૧–૧૧–૧૦ થી અરજદારને મિલ્કતદારોનો જવાબ પત્ર તેમજ ફોટો ગ્રાફની નકલ પાઠવી સદર દફતરે અંગે ચકાસણી કરવા પણ તક આપેલ છે. વધુમાં ખાડી પુરાણ બાબતે કોર્ટ કેસ કે પોલીસ કેસ ન કર્યાના કારણો તથા સામેલ અધિકારીઓ વિરુધ્ધ પગલા ન લેવાના કારણો બાબતે પ્રસ્તુત કેસમાં જે તે વિભાગના દફતરી રેકર્ડ ચકાસતાં અરજીમાં જણાવેલ કર્મચારીઓ દોષિત હોવાના કારણો દફતરે ઉપલબ્ધ ન જણાતા તેઓ સામે કોઈ પણ પ્રકારના પગલા લીધેલ નથી તેવી માહિતી પણ પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ ડીપોઝીટના નાણા કેટલા તેની કોઈ વિગત જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડેલ જણાતી નથી. જે અરજદારે મુળ અરજીથી માંગેલ છે તેના ઈન્કાર માટે જાહેર માહિતી અધિકારીએ કોઈ અપવાદ પણ જણાવેલ નથી. જો અરજદાર ઈચ્છુક હોય તો ડીપોઝીટના નાણા બાબતે ઈન્સ્પેકશન કરી માહિતી અંગેની વિગત મેળવી શકે છે. આમ અરજદાર તરફથી માંગવામાં આવેલી માહિતી પૈકી ડીપોઝીટ કેટલી તે સિવાયની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૩૦–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ કેટલી ડીપોઝીટની માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,